જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૧/૨૦૧૫ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી ૧૨૬ લીટર દેશી દારૂ અને ૩૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ એક્ટિવા કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ/બળાત્કારની ફરીયાદ :** **સમાચાર યાદી નં.૨૦/૧૫**

**માધવપુરા :** માધવપુરા વિસ્તારમાં રહેતી ૧૨ વર્ષની તરૂણીનાં પિતાએ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧/૧૫ બપોરનાં ૨/૦૦ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી (૧) અક્ષય ઉર્ફે બબલુ રાજુભાઇ ઠાકોરએ આરોપી મંગેશ ઉર્ફે ચીંટુ કૌશિકરાવ કેદારની મદદગારીથી તરૂણીને તેના ઘરેથી અપહરણ કરી લઇ જઇ, અક્ષયે બળજબરીથી તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એફ.કે.જોગલ ચલાવે છે.

ઉપરોકત ગુનાના કામે આરોપી અક્ષયને માધવપુરા પોલીસે તા.૨/૧/૧૫ બપોરનાં ૪/૦૦ વાગે અટક કરેલ છે.

**અપહરણ -** **સમાચાર યાદી નં.૨૧/૧૫**

**નરોડા :** દશરથભાઇ જગજીવનદાસ સાધુ (રહે. સંતવિહાર સોસાયટી વિભાગ-૨ કઠવાડા રોડ નરોડા) એ તા.૨/૧/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૨/૧૪ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર ગોપાલ (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ કે સડાત ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૨/૧૫**

**બાપુનગરઃ** હર્ષિતાબહેન જીતેન્દ્રભાઈ બુટાણી (ઉ.વ..૨૫) (રહે.મોહનનગર સોસાયટી, છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, બાપુનગર) તા.૨/૧/૧૫ સવારના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચુલા ઉપર પાણી ગરમ કરતા હતા ત્યારે તેમને પહેરેલ કપડા ચુલાને અડતા, આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બપોરના ૧૨/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ધનજીભાઈ શંકરભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩/૧૫**

**ચાંદખેડા :** અંજનાબહેન અનીલગીરી ગૌસ્વામી (ઉ.વ.૨૮)(રહે.બાવાનો મઢ, લેઉઆ પટેલ વાસ, ચાંદખેડા) એ તા.૧/૧/૧૫ નાં કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ કારણસર ઉધઇ મારવાની દવા પી લીધી હતી. સારવાર અર્થે લાઇફ લાઇન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.